# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૦૩/૦૨/૨૦૨૫ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૬૫ લીટર દેશી દારૂ, ૧૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૭૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૭,૫૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૭૦/૨૦૨૫**

**રામોલઃ** અનીતાબહેન પ્રક્ષેશભાઇ પટેલ (રહે. શિવપાર્વતી સોસાયટી ગોપી ડેરીનો ઢાળ મહાદેવનગર ટેકરા વસ્ત્રાલ) એ તા.૦૨/૦૨/૨૦૨૫ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૧/૨૦૨૫ સાંજના ૫/૩૦ થી તા.૦૧/૦૨/૨૦૨૫ સવારના ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા ૧૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૭૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.બી ચૌધરી ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ નાસી ગયાઃ -** **સમાચાર યાદી નં.૧૭૧/૨૦૨૫**

**શાહપુરઃ** જયશ્રીબહેન વા/ઓ મુકેશભાઇ કોન્ટ્રાકટર (ઉ.વ.૬૪) (રહે. અવનિકાપાર્ક સોસાયટી ભિલવાસ શાહપુર) તા.૦૨/૦૨/૨૦૨૫ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે શાહપુર ખાનપુર માઉન્ટ કારમેલ સ્કુલ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સ્કુટર ઉપર આવેલ બે પુરૂષ જયશ્રીબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૮૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જયશ્રીબહેને શાહપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.જી.ભાટીયા ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટમાં આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૭૨/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ** મંગાભાઇ ગોપાલભાઇ દંતાણી (રહે. દશામાના મંદીર પાસે આવેલ ખુલ્લા મેદાનમાં જનતાનગર ફાટક નજીક રેલવે પાટાની બાજુમાં ખુલ્લી જગ્યામાં કાચા છાપરાંમાં ઘાટલોડીયા) તા.૦૧/૦૨/૨૦૨૫ રાતના ૧૦/૪૫ વાગ્યાના સુમારે આંબલી રોડ અને ચાંદલોડીયા રેલવે સ્ટેશન વચ્ચે રેલવે કિ.મી.નંબર ૫૦૮૦૬ નજીક રેલવે પાટા ઓળંગતા હતા ત્યારે ટ્રેઈનની અડફેટમાં આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જાહીદખાન ઈસ્માઇલખાન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી